# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-11-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

*****************************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભુવનેશ્વરમાં યોજાઇ રહેલી પોલીસ મહાનિદેશકો અને મહાનિરીક્ષકની રાષ્ટ્રીય પરિષદમાં ઉપસ્થિત રહ્યા.**

2) ગુજરાતના કીમ ખાતે આવેલ બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ ઉત્પાદનની અદ્યતન ટેકનોલોજી દેશમાં આ ક્ષેત્રના ભવિષ્યના પ્રોજેક્ટો માટે ઉપયોગી થશે.

3) બિહારમાં આજે કેન્દ્રિય નાણામંત્રીએ કેન્દ્રિય યોજનાઓના લાભાર્થીઓને એક હજાર 121 કરોડ રૂપિયાના ધિરાણના મંજૂરીપત્રો એનાયત કર્યા.

4) ગુજરાત સરકારે PMJAY યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલમાં વિવિધ રોગોની સારવાર માટે નવીન માર્ગદર્શિકા બહાર પાડવાનો નિર્ણય લીધો.

5) મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવનાર મહાયુતિ સરકારનો શપથવિધિ પાંચમી ડિસેમ્બરે યોજાશે.

6) ભારતની પી.વી.સિંધુએ લખનઉમાં રમાઇ રહેલી સૈયદ મોદી બેડમિન્ટન સ્પર્ધાની મહિલાઓની સિંગલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## DAY-PM-DGPs-IGPs-CONFERENCE

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઓડિશાના ભુવનેશ્વર ખાતે યોજાઇ રહેલી પોલીસ મહાનિદેશકો અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓ આવતીકાલે પણ આ પરિષદમાં ઉપસ્થિત રહેશે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે 3 દિવસ માટેની આ પરિષદનું ગઈકાલે ઉદઘાટન કર્યું હતું.**

**પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, શ્રી મોદીએ આ પ્રકારની પરિષદોમાં હંમેશા ખુલ્લી અને અનૌપચારિક ચર્ચાને પ્રોત્સાહન આપ્યું છે.**

**આ પરિષદમાં રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત ડોભાલ, પ્રધાનમંત્રીના અગ્રસચિવ પી.કે. મિશ્રા સહિતના મહત્વના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યાં છે.**

**રાષ્ટ્રીય કક્ષાની આ પરિષદમાં આતંકવાદ સામેની લડત, સાઇબર ગુનાઓ, નવા ફોજદારી કાયદાઓ, ડાબેરી પાંખનો ઉગ્રવાદ સહિતના મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરાશે. એવી જ રીતે આ પરિષદમાં નોંધપાત્ર સેવા આપનાર પોલીસ અધિકારીઓ, જવાનોને રાષ્ટ્રપતિના પોલીસચંદ્રકો એનાયત કરાશે.**

## GUJARAT-VISIT---ASHWINI-VAISHNAV

ગુજરાતના સુરતના કીમ ખાતે આવેલ બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ ઉત્પાદનની અદ્યતન અને ચોકસાઇ વાળી ટેકનોલોજી દેશમાં આ ક્ષેત્રના ભવિષ્યના પ્રોજેક્ટો માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

કેન્દ્રિય માહીતી અને પ્રસારણમંત્રી અશ્વિની વૈષ્ણવની રાજ્યની મુલાકાત દરમિયાન આજે સુરતના કીમ ખાતેની સ્લેબ ઉત્પાદનની કામગીરીની સમિક્ષા કરી હતી.. તેમણે જણાવ્યું હતું કે જાપાની ટેકનોલોજી દ્વારા આ સ્લેબ ઉત્પાદનની કામગીરી થઇ રહી છે. તેમજ વિશ્વની મોટામાં મોટી કંપનીઓમાંની આ એક ફેકટરી છે..

(બાઇટ-અશ્વિની વૈષ્ણવ)

એવી જ રીતે શ્રી વૈષ્ણવે વડોદરા જીલ્લાના લાખોદરા ખાતેની પ્લાસર ઇન્ડિયા ફેકટરીની મુલાકાત લઇને ત્યાં બનતા રેલવેના પાટાની જાળવણીની મશીનરીની માહીતી મેળવી હતી.

## GATI SHAKTI ASHWINI VAISHNAV

કેન્દ્રીય  રેલવે અને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ખૂબ જ ટૂંક સમયમાં ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય દેશની ટોચની 10 યુનિવર્સિટીઓમાં સામેલ થશે.

તેમણે ઉમેર્યુ હતું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર ભારતીય યુવાનો માટે રોજગારીની વધુ તકો ઊભી કરવા માટે શૈક્ષણિક શિક્ષણને ઔદ્યોગિક માંગ સાથે સંકલિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

વડોદરામાં ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય દેશની પ્રથમ લોજિસ્ટિક યુનિવર્સિટીના બીજા દીક્ષાંત સમારોહને સંબોધતા મંત્રીએ માત્ર લોજિસ્ટિક સેક્ટરમાં જ નહીં પરંતુ સેમી કંડક્ટર, ટાઉન પ્લાનિંગ જેવા અન્ય વિવિધ ક્ષેત્રોમાં પણ ઉદ્યોગને યોગ્ય માનવબળ બનાવવા માટે ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

મંત્રીએ વિદ્યાર્થીઓને સારા ભવિષ્ય માટે વર્તમાનમાં જીવવાની સલાહ આપી હતી.

## REV DAY SITHAHRAMAN-BIHAR VISIT

બિહારના મધુબની જીલ્લામાં આજે યોજાયેલા એક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી વિશ્વકર્મા મુદ્રા વિવિધ કેન્દ્રિય યોજનાઓના 50 હજારથી વધુ લાભાર્થીઓને એક હજાર 121 કરોડ રૂપિયાના ધિરાણના મંજૂરીપત્રો એનાયત થયા છે.

કેન્દ્રિય નાણામંત્રી નિર્મળા સીતારમણે ધિરાણ મંજૂરીપત્રો એનાયત કરતાં જણાવ્યું હતું કે, વર્ષ 2047 સુધીમાં દેશને વિકસિત દેશ બનાવવા માટે મહિલાઓ

વિકાસનું મુખ્ય ચાલકબળ બની રહેશે. તેમણે વિવિધ મહિલા સ્વસહાય જૂથોની મહિલા સભ્યો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે,

(બાઇટ-નિર્મળા સિતારમણ)

## PMJAY- MAA YOJNA MEETING

ગુજરાત સરકારે PMJAY- મા યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ માટે કાર્ડિયોવાસ્ક્યુલર, કાર્ડિયોલોજી, સહિત વિવિધ રોગોની સારવાર માટે નવીન માર્ગદર્શિકા બહાર પાડવાનો નિર્ણય લીધો છે.

ગાંધીનગર ખાતે PMJAY- મા યોજનાની સમીક્ષા યોજાયેલી બેઠક બાદ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, સારવારની આડમાં માનવ જીવન સાથે ચેડા કરતા ડૉક્ટર કે હોસ્પિટલની ગુનાહિત પ્રવૃતિને કોઇ પણ ભોગે સાંખી લેવામાં નહીં આવે.

એવી જ રીતે રાજય કૌભાંડ વિરોધી એકમને વધુ સુદ્રઢ કરવામાં આવશે, અને નવી ટીમ બનાવીને રાજયની હોસ્પિટલોની સમયાંતરે મુલાકાત દ્વારા અહેવાલ તૈયાર કરાશે.

## CM BOOK FAIR

અમદાવાદમાં 'આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ 2024'નો આજથી પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પુસ્તક મહોત્સવનો પ્રારંભ કરાવ્યો છે.

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય અને નેશનલ બુક ટ્રસ્ટના સહયોગથી યોજાયેલ અને ૮મી ડિસેમ્બર સુધી ચાલનારા પુસ્તક મહોત્સવમાં ૧૦૦થી વધુ સાહિત્યિક કાર્યક્રમો, ૩૦૦થી વધુ પ્રકાશકોના સ્ટોલ સહિત ૧ હજારથી વધુ પ્રકાશકોનાં પુસ્તકો પ્રદર્શિત થયા છે. તેમજ આ પુસ્તક મેળામાં ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા પણ પુસ્તકોનો એક સ્ટોલ પ્રદર્શિત કરાયો છે. જેમાં પ્રકાશન વિભાગ દ્વારા ભારત, સામાન્ય જ્ઞાન, કલા અને સંસ્કૃતિ આઝાદીની ચળવળ સહિતની

વૈવિધ્યસભર પુસ્તકોનું પ્રદર્શન અને વેચાણ માટે મૂકવામાં આવ્યાં છે. આ સાથે ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં મુલાકાતીઓ માટે લેખક મંચ, પ્રજ્ઞા શિબિર, જ્ઞાન ગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતના આકર્ષણો ઉપલબ્ધ રહેશે.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો.

## MAHAYUTI - TAKE OATH

મહારાષ્ટ્રમાં નવી ચૂંટાયેલી મહાયુતિ સરકારનો શપથવિધિ 5મી ડિસેમ્બરે સાંજે 5 વાગ્યે મુંબઈના આઝાદ મેદાન ખાતે યોજાશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં, મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમારોહમાં હાજરી આપશે. ભાજપ, શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અજિત પવારના જૂથનો સમાવેશ કરતા મહાયુતિ ગઠબંધને તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં 288 બેઠકોમાંથી 230 બેઠકો મેળવી હતી

## REV-DAY-BADMINTON

ભારતની પી.વી.સિંધુએ લખનઉમાં રમાઇ રહેલી સૈયદ મોદી બેડમિન્ટન સ્પર્ધાની મહિલાઓની સિંગલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે રમાયેલી સેમિફાઇનલમાં સિંધુએ ઉન્નતિ હુડાને 2-0થી પરાજય આપીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

એવી જ રીતે સ્પર્ધાની મિક્સ ડબલ્સની સેમિફાઇનલમાં ભારતની તનિષા ક્રાસ્ટો અને ધ્રુવ કપિલાની જોડીએ ચીનની ઝાઉ ઝી અને યોંગ જી ને 21-16 અને 21-15થી પરાજય આપીને સ્પર્ધાની મિક્સ ડબલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ભારતની ત્રીશા જોલી અને ગાયત્રી પુલેલાની જોડીએ મહિલાઓની ડબલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે રમાયેલી મિક્સ ડબલ્સની સેમિફાઇનલમાં ત્રીશા અને ગાયત્રીની જોડીએ થાઇલેન્ડની બેનયાપા અને નુન્તકરનની જોડીને પરાજય આપ્યો હતો.

આ ઉપરાંત આજે સાંજે રમાનારી પુરૂષોની સિંગલ્સની સેમિફાઇનલમાં ભારતના લક્ષ્ય સેન અને જાપાનના શોંગો ઓગાવા અને બીજી સેમિફાઇનલમાં પ્રિયાંશુ રાજાવત અને સિંગાપુરના જીઆ હેંગ જાસોન તેંહ વચ્ચે મુકાબલો થશે.

## EC-CONGRESS

કેન્દ્રિય ચૂંટણીપંચે જણાવ્યું છે કે, મહારાષ્ટ્રના ચૂંટણીને લગતી બધી જ પ્રક્રિયા પારદર્શક રીતે હાથ ધરાઇ છે. ચૂંટણીના દરેક તબક્કામાં ચૂંટણી લડતા ઉમેદવારો અથવા તેમના પ્રતિનિધિઓને સાંકળવામાં આવ્યા હતા. જો કે, કોંગ્રેસપક્ષ દ્વારા વ્યક્ત કરાયેલા યોગ્ય મુદ્દાઓની સમિક્ષા કરશે, તેવી હૈયાધારણ પણ ચૂંટણીપંચે આપી છે. ચૂંટણીપંચે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મતદાન અંગેની માહીતીમાં વિસંગતતા નથી અને તમામ માહીતી મહારાષ્ટ્ર ભરના તમામ મતદાન મથકો પર ચકાસી શકાશે.

પક્ષોને આપેલા વચગાળાના પ્રતિભાવમાં ચૂંટણીપંચે કહ્યું છે કે, કોંગ્રેસ દ્વારા રજૂ કરાયેલા મુદ્દાઓ અંગે ચર્ચા કરવા ચૂંટણીપંચ દ્વારા આગામી 3જી ડિસેમ્બરે પક્ષના પ્રતિનિધિમંડળ સાથે વાતચીત કરવાનો નિર્ણય લીધો છે.

## HARYANA---WORLD-AI-CENTRE

વિશ્વ બેન્કની સહાયથી હરિયાણામાં વિશ્વ કૃત્રિમ બુદ્ધિમત્તા કેન્દ્ર ટૂંક સમયમાં શરૂ કરાશે. હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ જણાવ્યું છે કે, સુચિત કેન્દ્ર હરિયાણાની ટેકનિકલ ક્ષમતામાં વધારો કરશે, તથા ડીજીટલ અર્થતંત્રના વિકાસને પ્રોત્સાહન આપશે.

આ ઉપરાંત કેન્દ્ર યુવાનોને કૃત્રિમ બુદ્ધિમત્તા ક્ષેત્રના અદ્યતન કૌશલ્યોની તાલીમ આપવા માટે ઉપયોગી નિવડશે. શ્રી સૈનીએ વધુમાં જણાવ્યું કે, સુચિત વિશ્વ કૃત્રિમ બુદ્ધિમત્તા કેન્દ્ર હરિયાણાને વૈશ્વિક સ્તરે આગવી ઓળખ અપાવશે તેમજ આ ક્ષેત્રમાં સંશોધનને પ્રોત્સાહન આપશે.